

Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073



પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyadnews.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. Guj,Guj/1999/00057
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

સાપ્તાહિક

તંત્રીઃ પ્રદિપ રાવલ

સહતંત્રી :મીનાક્ષી રાવલ

R.N.I. No. Guj,Guj/1999/00057
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-29 ■ અંક-49 ■ તા. 21-12-2025 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk


# ગુજરાતની નવી SIR-2026ની ડ્રાફ્ટ મતદાર યાદી જાહેર થઈ



(સંપૂર્ણ સમાચાર સેવા)
ગાંધીનગર,

ગુજરાતમાં **SIR** ની પ્રક્રિયા બાદ ડ્રાફ્ટ યાદી જાહેર થઈ છે. જેમાં ગુજરાતમાં કુલ કેટલા મતદારો છે, કેટલા મતદારોના નામ કપાયા છે, તેમજ કેટલા ડુપ્લીકેટ મતદારો હતા તે તમામ માહિતી સામે આવી ગઈ છે. યાદી મુજબ ગુજરાતાં કુલ ૪ કરોડ ૩૪ લાખ મતદારોની નોંધણી થઈ છે. ગુજરાતની મતદાર શુદ્ધિકરણ ડ્રાફ્ટ યાદી આખરે જાહેર થઈ ગઈ છે. ડ્રાફ્ટ મતદાર યાદી મુજબ ગુજરાતમાં ૪,૩૪,૭૦,૧૦૯ મતદારો નોંધાયા છે. મતદાર શુદ્ધિકરણ પ્રક્રિયા દરમિયાન ૭૩,૭૩,૩૨૭ મતદાર નીકળી ગયા છે. તો ૧૮,૦૭,૨૭૮ મૃત્યુ પામેલા મતદારો યાદીમાંથી દૂર થયા છે. આ ઉપરાંત ૪૦,૨૫,૫૫૩ મતદારો કાયમી સ્થળાંતર કરેલા નીકળ્યા છે. ૩,૮૧,૪૭૦ મતદારો ડુપ્લીકેટ હતા, જેને દૂર કરાયા છે. ૯,૬૯,૬૬૨ મતદારો તેમના સરનામે મળી આવ્યા નથી. તો ૧,૮૯,૩૬૪ મતદારોનો અન્ય કારણોસર યાદીમાં સમાવેશ થયો નથી. ૪,૩૪,૭૦,૧૦૯ મતદારો નોંધાયા. ૨,૨૪,૪૯,૧૭૦ પુરુષ મતદાર નોંધાયા. ૨,૧૦,૧૯,૮૭૬ મહિલા મતદારો નોંધાયા. ૧૦૬૩ થર્ડ જેન્ડર મતદારો નોંધાયા.

ઉલ્લેખનીય છે કે, અગાઉ મતદાર યાદીમાં ૫,૦૮,૪૩,૨૧૯ મતદારો નોંધાયા હતા. જેમાં ગુજરાત રાજ્યમાં ૭૩,૭૩,૧૧૦ મતદારો ઓછા થયા છે. આ આંકડો ગુજરાતના એક મેગા સિટીની વસ્તી જેટલો છે.

ડ્રાફ્ટ મતદાર યાદીમાં તમારૂ નામ છે કે નહીં તે ચેક કરી શકો છો. ડ્રાફ્ટ મતદાર યાદીમાં કોઈ મતદારનું નામ ન હોય અને તેની સામે વાંધો રજૂ કરવાનો હોય તો મતદાર ૧૮મી જાન્યુઆરી સુધી એક મહિનાના સમયમાં વાંધો રજૂ કરી શકશે. ચૂંટણી પંચ દ્વારા ગુજરાતમાં નવેમ્બર મહિનાથી મતદાર યાદી શુદ્ધિકરણ ઝુંબેશ એટલે કે **SIR** પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. આ પ્રક્રિયા દરમિયાન ડુપ્લીકેટ, મૃત્યુ પામેલા લોકો અને કાયમી સ્થાળાંતર કરી ગયેલા લોકોના નામ ડ્રાફ્ટ મતદાર યાદીમાંથી બાકાત રાખવામાં આવ્યા છે. તેવામાં તમારૂ નામ ડ્રાફ્ટ મતદાર યાદીમાં ન હોય તો તમારે આ રીતે આગળ કાર્યવાહી કરવાની રહેશે.

આગામી સમયગાળામાં તા. ૧૯/૧૨/૨૦૨૫ (શુક્રવાર) થી તા. ૧૦/૦૨/૨૦૨૬ (મંગળવાર) દરમિયાન રાજ્યમાં મેપિંગ ન થયેલ મતદારોને સંબંધિત મતદાર નોંધણી અધિકારી દ્વારા નોટીસ આપવામાં આવશે. નોટીસ બાદ સુનાવણી અને ચકાસણી પૂર્ણ થયા પછી તમામ લાયક મતદારોનો સમાવેશ તા. ૧૭/૦૨/૨૦૨૬ના રોજ પ્રસિદ્ધ થનાર આખરી મતદાર યાદીમાં કરવામાં આવશે. નોટીસ પ્રાપ્ત કરનાર મતદારોએ નોટીસમાં દર્શાવેલા પુરાવા સુનાવણી દરમિયાન રજૂ કરવાના રહેશે. મતદાર યાદી સંદર્ભે હક્ક દાવા અને વાંધા અરજીઓ રજૂ કરવા માટેનો સમયગાળો તા. ૧૯/૧૨/૨૦૨૫ (શુક્રવાર) થી તા. ૧૮/૦૧/૨૦૨૬ (રવિવાર) સુધી રહેશે. નોંધનીય છે કે, ૨૭મી ઓક્ટોબરે **SIR** અભિયાનનો પ્રારંભ કરાયો હતો. આ મતદાર યાદી સુધારણા કામગીરી વિવાદમાં સપડાઇ હતી કેમકે, વધુ પડતાં કામના બોજને પગલે પાંચેક બુથ લેવલ ઓફિસરના મૃત્યુ થયા હતાં જેના કારણે હોબાળો મચ્યો હતો. એટલુ જ નહીં, રાજ્ય ચૂંટણી પંચ પર માછલા ધોવાયા હતાં.

રાજ્યમાં કુલ ૫.૦૮ કરોડ મતદારોને ફોર્મ વહેચવામાં આવ્યા હતાં જે પૈકી અત્યાર સુધીમાં કુલ ૪.૩૪ કરોડ ફોર્મ પરત મળ્યાં છે. પણ હજુ સુધી ૪૪.૪૫ લાખ મતદારોનું મેપિગ થઈ શક્યુ નથી. મતદાર યાદીમાં નામ ન હોય તેઓ પુરાવા સાથે ફોર્મ-૬ ભરી શકશે. સાથે સાથે ૧૯મી ડિસેમ્બરથી માંડીને ૧૮મી જાન્યુઆરી સુધી મતદારો રાજ્ય ચૂંટણીપંચ સમક્ષ વાંધો પણ રજૂ કરી શકશે.

## ચિલ્લઈ કલાના આવવાથી કાશ્મીરમાં આવશે આફત

(સંપૂર્ણ સમાચાર સેવા)
જમ્મુ,

પર્વતોમાં બરફવર્ષા શરૂ થઈ ગઈ છે. તે જ સમયે, મેદાની વિસ્તારોમાં પણ ઠંડી વધી ગઈ છે. ઉત્તર ભારતમાં હિમવર્ષા તેની અસર અનુભવી રહી છે. સ્પષ્ટ છે કે કઠોર શિયાળો આવી ગયો છે. દરમિયાન, કાશ્મીરમાં, ચિલ્લા-એ-કલાનનો કઠોર શિયાળો ૨૧ ડિસેમ્બરથી શરૂ થાય છે. તે ૪૦ દિવસ સુધી ચાલે છે, અને આ સમય દરમિયાન, નદીઓ અને ધોધ પણ થીજી જાય છે. ચાલો ચિલ્લા-એ-કલાન અને ખીણ પર તેની અસર વિશે વધુ જાણીએ.

કાશ્મીર ઘાટીમાં ૨૧ ડિસેમ્બરથી ચિલ્લઈ કલાની શરૂઆત થઈ જાય છે. એટલે કે આવતીકાલથી કાશ્મીરનું ચિલ્લાઈ કલા શરૂ થશે. જે હવે જાન્યુઆરીના અંતમાં સમાપ્ત થશે. ૪૦ દિવસ સુધી ચાલનાર ચિલ્લઈ કલા ભયંકર ઠંડીવાળો સમય માનવામાં આવે છે. ચિલ્લાઈ કલા દરમિયાન કાશ્મીર ઘાટીમાં બધુ જામી જાય તેવી ઠંડી પડે છે. આ દરિમયાન ઘાટીમાં તમામ જળ સ્રોત પૂર્ણ રીતે ઠરી જાય છે. કાશ્મીર ઘાટી હાલ આ જ ચિલ્લઈ કલાનો સામનો કરી રહી છે. આ એ સમય હોય છે, જેમા સૌથી વધુ હિમપાત થાય છે. આ સમય દરમિયાન ગુલમર્ગમાં ઠંડીવાળી રમતો પણ રમાય છે. ૪૦ દિવસની ભીષણ ઠંડી ચિલ્લઈ કલા બાદ ૨૦ દિવસ લાંબી ચિલ્લઈ ખુર્દ આવશે. અને પછી ૧૦ દિવસ ચાલનાર ચિલ્લઈ બચ્ચા આવશે. કલા મતલબ મોટો અને ખુર્દનો મતલબ નાનો એમ થાય છે. કાશ્મીરમાં હાડ થીજવતી ઠંડી ત્રણ મહિના સુધી ચાલે છે. ભાગમાં વહેંચવામાં આવી છે. ચિલ્લઈ કલા, ચિલ્લઈ ખુર્દ અને ચિલ્લઈ બચ્ચા. ચિલ્લાઈ કલા ૪૦ દિવસનો સમયગાળો હોય છે. જે ૨૧ ડિસેમ્બરથી શરૂ થાય છે અને ૩૧ જાન્યુઆરી સુધી રહે છે. ચિલ્લાઈ કલા બાદ ચિલ્લઈ ખુર્દ આવે છે. જેને કલા કરતા ઓછી ઠંડી કહેવાય છે. આ સમયગાળો ૨૦ દિવસનો હોય છે.

## ટ્રમ્પે વધુ વીસ દેશોના નાગરિકોના પ્રવેશ પર પ્રતિબંધ લગાવ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)
વોશિંગ્ટન,

ટ્રમ્પ પ્રશાસને અમેરિકાની રાષ્ટ્રીય સુરક્ષા અને જાહેર સલામતિના નામે પ્રવાસ પ્રતિબંધોનો વ્યાપ વધારીને વીસ નવા દેશો તેમજ પેલેસ્ટાઈન ઓથોરિટી સાથે સંકળાયેલ દસ્તાવેજ ધારકો પર કડક નિયંત્રણો લગાવ્યા છે. પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે એક નવું ઘોષણાપત્ર જારી કરીને જણાવ્યું છે કે જે દેશોમાં સુરક્ષા, ઓળખ અને સૂચનાઓના આદાન-પ્રદાનની વ્યવસ્થા સતત નબળી અને અપર્યાપ્ત હોય તેના નાગરિકોને અમેરિકામાં પ્રવેશ પર નિયંત્રણ લગાવવા જરૂરી છે.



આવા દેશોમાં પ્રવર્તમાન આતંકવાદી પ્રવૃત્તિને કારણે અમેરિકાના નાગરિકો સામે જોખમ સર્જાતું હોવાનું જણાવાયું છે. ઘોષણાપત્રમાં જણાવાયું છે કે એવા વિદેશી નાગરિકો જેની અમેરિકા પાસે પૂરતી જાણકારી ન હોય અને તેમના તરફથી થતા જોખમનું આંકલન શક્ય ન હોય, તેમજ જે સરકારો સહયોગ ન કરતી હોય તેમની સામે અમેરિકી ઈમિગ્રેશન કાનૂની લાગુ કરવા મુશ્કેલ થઈ જાય છે.

આ તર્કના આધારે અંગોલા, એન્ટીગા અને બારબુડા, બેનિન, કોટ ડી'આઈવોર, ડોમિનિકા, ગૈબોન, મલાબી, માર્ટિટાનિયા, નાઈજિરીયા, સેનેગલ, ટાન્ઝાનિયા, ટોંગા, ઝામ્બિયા અને ઝિમ્બાબવે સહિત પંદર દેશો પર આંશિક પ્રતિબંધ લગાવવામાં આવ્યા છે.

ઉપરાંત બુર્કિના ફાસો, માલી, નાઈજર, દક્ષિણ સુદાન અને સીરિયાના નાગરિકો પર પૂર્ણ પ્રતિબંધ લાગુ કરાયા છે. પેલેસ્ટાઈન ઓથોરિટી દ્વારા જારી દસ્તાવેજો પર પણ પૂર્ણ પ્રતિબંધ લગાવતા દલીલ કરાઈ છે કે વેસ્ટ બેન્ક અને ગાઝા પટ્ટીમાં સક્રિય અનેક અમેરિકી સૂચીબદ્ધ આતંકવાદી સંગઠનોએ અમેરિકી નાગરિકોની હત્યા કરી છે, અને તાજેતરના યુદ્ધને કારણે ત્યાં સ્ક્રીનિંગ તેમજ ચકાસણી વધુ નબળી પડી છે.

ટ્રમ્પ પ્રશાસનના જણાવ્યા મુજબ આ વિસ્તારો પર પેલેસ્ટાઈન ઓથોરિટીનું નિયંત્રણ નબળું અને નગણ્ય હોવાથી એના જારી કરેલા દસ્તાવેજો પર પ્રવાસ કરનારાની પૂરતી ચકાસણી સંભવ નથી.

લાઓસ અને સિએરા લિયોન પર અગાઉ આંશિક પ્રતિબંધ હતા, જેને હવે પૂર્ણ પ્રતિબંધમાં પરિવર્તિત કરાયા છે, જયારે બુરુન્ડી, ક્યુબા, ટોગો અને વેનેઝુએલા માટે આંશિક પ્રતિબંધો જારી રખાયા છે.

ઉપરાંત અફઘાનિસ્તાન, મ્યાન્માર, ચાડ, કોંગો, સુદાન અને યમન સહિત અગાઉથી નિર્ધારીત બાર ઉચ્ચ જોખમ ધરાવતા દેશો પર પણ પૂર્ણ પ્રતિબંધ જારી રહેશે.

જો કે કાયદેસરના સ્થાયી નિવાસી (ગ્રીન કાર્ડ ધારક), મોજૂદ વિઝા ધારક, રાજનૈતિક, ખેલાડી જેવી કેટલીક વિશેષ વિઝા શ્રેણીઓ તેમજ અમેરિકાના રાષ્ટ્રીય હિતમાં હોય તેવી વ્યકિતઓના પ્રવેશ પર છૂટ આપવામાં આવી છે. જાહેરનામા અનુસાર અનેક દેશો વ્યવસ્થિત રીતે ખરી જાણકારી આપવા અથવા નિર્વાસન યોગ્ય નાગરિકોને પાછા લેવાનો ઈનકાર કરતા હોય છે, જેના કારણે અમેરિકી કાનૂનોની અવહેલના થાય છે અને આવા નાગરિકો વિઝામાં જણાવ્યા કરતા વધુ વાર રોકાણ કરે છે. અનેક સૂચિબદ્ધ દેશોમાં આતંકવાદ, ઉગ્રવાદ અને અપરાધને કારણે અસ્થિરતા અને રાજ્ય નિયંત્રણનો અભાવ હોય છે,

જેના કારણે અમેરિકી નાગરિકો માટે જોખમ સર્જાઈ શકે છે. ઉલ્લેખનીય છે કે તાજેતરમાં બાઈડન પ્રશાસને અફઘાન પુનર્વસન કાર્યક્રમ અંતર્ગત અમેરિકા આવનાર વ્યક્તિએ બે નેશનલ ગાર્ડ પર હુમલો કર્યા પછી ટ્રમ્પ પ્રશાસને ૧૯ જોખમી દેશોની ઈમિગ્રેશન અરજીઓને અટકાવી દીધી. આ એ જ દેશો છે જે જૂનમાં જારી કરાયેલા અગાઉના ટ્રમ્પ ઘોષણાપત્રમાં પ્રવાસ પ્રતિબંધમાં સામેલ હતા.

### વિપક્ષે શિવરાજ સિંહ પર ફેંક્યા કાગળના ટુકડા

## ભારે વિરોધ વચ્ચે લોકસભામાંથી પસાર થયું ''જી રામ જી'' બિલ

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી,

અત્યારે સંસદનું શિયાળુ સત્ર ચાલી રહ્યું છે અને આજે સંસદમાં વિપક્ષનો જોરદાર હોબાળો જોવા મળી રહ્યો છે, કારણ કે સદનમાં જી રામ જી બિલ રજૂ કરવામાં આવ્યું હતું.

લોકસભામાં ગુરુવારે વિકસિત ભારત ગેરંટી ફોર રોજગાર એન્ડ આજીવિકા મિશન (ગ્રામીણ) **(VB-G RAM G)** બિલ, ૨૦૨૫ પાસ થઈ ગયું છે. જોકે, આ દરમિયાન વિપક્ષી સાંસદોએ જોરદાર હોબાળો મચાવ્યો. વિપક્ષે સરકાર પર મહાત્મા ગાંધીનું અપમાન કરવાનો અને મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગારંટી અધિનિયમ **(MGNREGA)**ના પ્રાવધાનોને નબળા પાડવાનો આરોપ લગાવ્યો. એટલું જ નહીં, વિપક્ષી સાંસદોએ શિવરાજ સિંહ ચૌહાણ સામે કાગળના ટુકડા ફેક્યાં. કોંગ્રેસના સાંસદ કે.સી વેણુગોપાલે સ્પીકરને કહ્યું કે, વિકસિત ભારત ગેરંટી ફોર રોજગાર એન્ડ આજીવિકા મિશન (ગ્રામીણ) વિધેયક **(VB–G Ram G)**ને કોઈ સ્થાયી સમિતિ અથવા સંયુક્ત સંસદીય સમિતિને મોકલવામાં આવે. જોકે, અધ્યક્ષે એવું કહીને વિનંતીને ફગાવી દીધી કે આ વિધેયક પર ૧૪ કલાકથી વધુ સમય સુધી ચર્ચા થઈ ચૂકી છે. આ દરમિયાન, વિપક્ષે હોબાળો મચાવતા કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે ચર્ચા ચાલુ રાખવાની માંગ કરી.

કૃષિ મંત્રી શિવરાજ સિંહે કહ્યું કે, કેટલી યોજનાઓના નામ નેહરુ પરિવાર પર રાખવામાં આવ્યા છે. રાજીવજીના નામે ૫૫ રાજય સરકારની યોજનાઓના નામ રાખવામાં આવ્યા.

૭૪ રસ્તાઓના નામ રાજીવ ગાંધીના નામે, ૧૫ નેશનલ પાર્ક નેહરુજીના નામે રાખવામાં આવ્યા. નામ રાખવાની સનક કોંગ્રેસની છે. આપને જણાવી દઈએ કે, કોંગ્રેસ સાંસદ પ્રિયંકા ગાંધીએ ૧૬ ડિસેમ્બરે કહ્યું હતું કે, અમે આ બિલનો વિરોધ કરીએ છીએ. દરેક યોજનાનું નામ બદલવાનું કારણ અમને સમજમાં નથી આવતું.



શિવરાજ સિંહે કહ્યું કે, કોંગ્રેસ ક્યારેય ગાંધીજીને માનતી નથી. અમે ગાંધીજીને માનીએ છીએ. ગાંધીજીએ કહ્યું હતું કે આઝાદી મળી ગઈ છે તો કોંગ્રેસને ભંગ કરી દેવી જોઈએ. જે દિવસે કાશ્મીરને વિશેષ દરજ્જો આપવામાં આવ્યો, તે દિવસે બંધારણની હત્યા થઈ ગઈ. મોદી સરકારે મનરેગામાં અનેક પ્રકારની ખામીઓ દૂર કરી છે. મનરેગામાં અનેક પ્રકારે ભ્રષ્ટાચાર થયો છે.

શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું કે, મનરેગાનું નામ પહેલા મહાત્મા ગાંધીના નામે નહોતું રાખવામાં આવ્યું. તે તો પહેલા નરેગા હતું. પછી જ્યારે ૨૦૦૯ની ચૂંટણીઓ આવી ત્યારે ચૂંટણી અને વોટના કારણે મહાત્મા ગાંધી યાદ આવ્યા. ગાંધી બાપુ યાદ આવ્યા. ત્યારે તેમાં મહાત્મા ગાંધી જોડવામાં આવ્યા. જોકે, શિવરાજ સિંહના નિવેદન બાદ લોકસભામાં વિપક્ષી સાંસદોએ ભારે હોબાળો મચાવ્યો. તેથી લોકસભામાં **VB–G Ram G** બિલ પસાર થયા બાદ સ્પીકર ઓમ બિરલાએ સંસદની કાર્યવાહી શુક્રવાર ૧૧ વાગ્યા સુધી સ્થગિત કરી દીધી છે.

## અધિકારીઓ માટે આદરણીય વિશેષણ સારું નથીઃ HC

(સંપૂર્ણ સમાચાર સેવા)
પ્રયાગરાજ,

રાજ્ય સરકારના અધિકારીઓ અને પદાધિકારીઓના નામ પહેલા આદરણીય વિશેષણ સારુ ન હોવાનું અલાહાબાદ હાઈકોર્ટે નોંધ્યુ હતું. આ સાથે ઉત્તર પ્રદેશના મહેસૂલ વિભાગના અગ્ર સચિવને સોગંદનામુ રજૂ કરી આદરણીય સંબોધનને યોગ્ય ઠરાવતા કાયદા સંદર્ભે સ્પષ્ટતા કરવા નિર્દેશ આપ્યા હતા. જસ્ટિસ અજય ભણોત અને જસ્ટિસ ગરિમા પ્રસાદની બેન્ચે એક અરજીની સુનાવણી દરમિયાન એડિશનલ કમિશનર, અપીલ માટે આદરણીય એડિશનલ કમિશનર, અપીલ સંબોધન જોયુંહતું. આ સંદર્ભેહાઈકોર્ટેનોંધ્યુ હતુંકે, બંધારણીય સત્તામંડળો અને કોર્ટોના દરજ્જાને ઝાંખા પાડવાનો આ રસ્તો છે. રાજ્ય સરકારના નાના-મોટા અધિકારીઓ પોતાના નામની આગળ આદરણીય લખાવવાનું પસંદ કરી રહ્યા છે. અને પોતાના હુકમોમાં પણ તેઓ આ જ રીતે નામ લખે છે. આ પ્રકારના વિશેષણો મંત્રીઓ અને સાર્વભૌમ સત્તામંડળો જ ઉપયોગમાં લઈ શકે તેવું ઠરાવીને હાઈકોર્ટે આ મામલે અગ્રસચિવ પાસે ખુલાસો માગ્યો છે.

## પેકેજ્ડ વોટરની ગુણવત્તા અંગેની અરજી સુપ્રિમ કોર્ટે ફગાવી

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી,

પેકેજ્ડ ડ્રિંકિંગ વોટર માટે આંતરરાષ્ટ્રીય ધોરણો લાગુ કરવાની માંગ કરતી જાહેર હિતની અરજી (પીઆઈએલ)ને ફગાવી દેતા સુપ્રીમ કોર્ટે ગુરુવારે જણાવ્યું હતું કે દેશની ઘણી વસતિને હજુ પીવાના પાણીની મૂળભૂત સુવિધા મળતી નથી, ત્યારે આ એક 'લક્ઝરી પિટિશન' છે.

સુનાવણીની શરૂઆતમાં મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતે આ અરજીના મૂળ આધાર પર જ પ્રશ્ન ઉઠાવતાં જણાવ્યું હતું કે આ દેશમાં પીવાનું પાણી ક્યાં છે, મેડમ? લોકો પાસે પીવાનું પાણી નથી, ત્યારે બોટલમાં રહેલા પાણીની ગુણવત્તા પછીથી નક્કી થશે. કોર્ટ દેશની વ્યાપક વાસ્તવિકતાઓને નજરઅંદાજ કરી શકે નહીં.સારંગ વામન યાદવડકરે દાખલ કરેલી પીઆઈએલમાં વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા નિર્ધારિત વૈશ્વિક ધોરણો સહિત આંતરરાષ્ટ્રીય ધોરણે મુજબ ભારતમાં પણ પેકેજ્ડ ડ્રિંકિંગ વોટર માટે નિયમો બનાવવાની માગણી કરાઈ હતી.અરજદારના વરિષ્ઠ વકીલ અનિતા શેનોયે જણાવ્યું હતું કે આ મુદ્દો સીધી રીતે જાહેર આરોગ્ય અને ગ્રાહક સુરક્ષા સાથે જોડાયેલો છે. નાગરિકોને સ્વચ્છ અને સલામત પેકેજ્ડ પીવાના પાણીનો હક છે.જોકે આ દલીલથી સુપ્રીમ કોર્ટ સંતુષ્ઠ થઈ ન હતી અને આ અરજીને શહેરી-કેન્દ્રિત અભિગમનું પ્રતિબિંબ ગણાવી હતી.

**CJI**એ કહ્યું હતું કે આ એક શહેરી-કેન્દ્રિત અભિગમ છે. ગ્રામીણ વિસ્તારોના લોકો ભૂગર્ભજળ પીવે છે અને તેમને કંઈ થતું નથી.

શું તમને લાગે છે કે આપણે યુએસએ, જાપાન, યુરોપિયન યુનિયનની માર્ગદર્શિકાનો અમલ કરી શકીશું? ગરીબોના હકનો મુદ્દો કોઈ ઉઠાવતું નથી. આ અમીરનો અર્બન ફોબિયા છે.

21-12-2025_49 Jan Fariyad_P-1

# કલેક્ટર શ્રી ગાંધીનગર દ્વારા જિલ્લાના શહેરી વિસ્તારના કોલવડા તથા રાંધેજા ગામની મુલાકાત લેવામાં આવી



શહેરથી માંડી અંતરિયાળ ગામડાઓ સુધી વિકાસની લહેરખી પહોંચી છે, ત્યારે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ,વિકસિત ભારત ૨૦૪૭નું જે સ્વપ્ન સેવ્યું છે,તે વિકસિત ભારતની પરિકલ્પના સાકાર કરવા સરકાર વિવિધ યોજનાઓ થકી સુવિધા,સુખાકારી અને સમૃદ્ધિ લઈ નગરજનોના ઘર આંગણે પહોંચી છે.

ત્યારે આ યોજનાઓ અને સુવિધાઓ નાગરિકો સુધી યોગ્ય રીતે પહોંચે અને નાગરિકોને ઉચ્ચ જીવન ધોરણ મળવા સાથે વ્યાપાર ,રોજગાર મળે અને તેઓ વિકસિત ભારતમાં સહભાગી થઈ શકે, તે સુનિશ્ચિત કરતા જિલ્લા કલેકટર શ્રી ગાંધીનગર મેહુલ કે. દવે દ્વારા વિવિધ ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં રૂબરૂ જઈ આ વ્યવસ્થાઓની ચકાસણી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત તા.૧૯ ડિસેમ્બર ના રોજ કલેકટર શ્રી ગાંધીનગર દ્વારા જિલ્લાના શહેરી વિસ્તારના કોલવડા તથા રાંધેજા ગામની મુલાકાત લેવામાં આવી હતી. આ મુલાકાત અંતર્ગત કલેકટર શ્રી એ રાંધેજા ખાતે સસ્તા અનાજની દુકાને રૂબરૂ મુલાકાત કરી ઉપસ્થિત લાભાર્થીઓ સાથે સંવાદ પણ કર્યો હતો, તથા અનાજ વિતરણ વ્યવસ્થા ચકાસણી પણ કરી હતી. આ ઉપરાંત બંને સ્થળો પર હાજર ગ્રામજનો સાથે રૂબરૂ સંવાદ દ્વારા તેમના પ્રશ્નોની ચર્ચા કરવા સાથે સ્વચ્છતા અંગે કલેક્ટરશ્રીએપણ જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. ઉલ્લેખનીય છે કે,ગાંધીનગર મહાનગરપાલિકા અંતર્ગત સમાવિષ્ટ આ બંને ગામડાઓમાં મુલાકાત કરવાનો મુખ્ય ધ્યેય અંતરિયાળ ગામો સાથે શહેરી વિસ્તારના નગરજનોને પણ સ્વચ્છતા અભિયાન અને વિકસિત ભારતની કલ્પના અને પરિપૂર્ણ કરવા જોડવાનો છે.જે માટે કલેક્ટર શ્રી ગાંધીનગર જિલ્લાના દરેક વિસ્તારોમાં ખાતે રૂબરૂ પહોંચી નગરજનોની દરકાર લઈ રહ્યા છે. આ તકે કલેકટર શ્રી જણાવે છે કે, ×સરકાર અને નાગરિકો વચ્ચે વહીવટી તંત્ર એક સેતુ સમાન છે. જેનું કાર્ય સરકારના યોજનાકિય? લાભો જરૂરતમંદો સુધી પહોંચાડવાનું છે. આ લાભો જરૂરત મંદો સુધી યોગ્ય રીતે, યોગ્ય સમયે પહોંચે છે કે કેમ, તેનું ધ્યાન રાખવું પણ ખૂબ જ અગત્યનું છે.અને આ રીતે ક્રમબદ્ધ કામગીરી થાય તો જ વિકસિત ભારતનો પાયો મજબૂત બનાવી શકાશે×

આ ઉપરાંત તેઓ હંમેશા દરેક મુલાકાત અંતર્ગત કહે છે કે, જેનું છે તેના સુધી પહોંચાડવું એ જ આપણી જવાબદારી છે. એ પછી સરકારી સંદેશ હોય કે, સરકારના યોજનાકીય લાભો. જેમા સ્વચ્છતા પણ આવું જ એક વિષય છે. જે જન જનને લાગુ પડે છે. જે અંગે કલેક્ટરશ્રીએ સ્પષ્ટ પણે જણાવ્યું છે કે, જ્યારે એકની એક વાત અથવા વર્તનને જોવા અને સાંભળવામાં આવે છે, ત્યારે તે આદત બની જાય છે. અને સ્વચ્છતા ને પણ આપણે આદત બનાવવાની જ છે, માટે તેવું વારંવાર આવી મુલાકાતો દ્વારા સ્વચ્છતાનો સંદેશ નાગરિકો સુધી પહોંચાડતા રહે છે.

# અમદાવાદમાં ૨૩૦૦ લોકોના ડ્રાઈવિંગ લાઈસન્સ સસ્પેન્ડ




(સંપૂર્ણ સમાચાર સેવા)
અમદાવાદ,

હાઈ કોર્ટની ફટકાર બાદ અમદાવાદમાં ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરનારા સામે સકંજો કસાયો છે. શહેરમાં ૨૩ મહિનામાં ૨૩૦૦ લોકોના ડ્રાઈવિંગ લાઈસન્સ સસ્પેન્ડ થયા હતા. ઈ-ચલણ ન ભરવા, ઓવરસ્પીડ અને બેફામ ડ્રાઈવિંગ કરનારા ચાલકોના લાઈસન્સ આજીવન રદ થઈ શકે છે.જાન્યુઆરી ૨૦૨૪ થી નવેમ્બર ૨૦૨૫ વચ્ચેના ૨૩ મહિનામાં અમદાવાદમાં ૨૩૩૪ ડ્રાઈવિંગ લાઈસન્સ સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. આરટીઓ દ્વારા શહેર ટ્રાફિક પોલીસના રિપોર્ટના આધારે આ કાર્યવાહી કરી હતી. જે અંતર્ગત ત્રણ થી છ મહિના સુધી લાઈસન્સ સસ્પેન્ડ કરાયા હતા. સૂત્રોએ જણાવ્યું કે, જે ડ્રાઈવરોનું લાઈસન્સ પહેલેથી જ સસ્પેન્ડ થઈ ગયું છે અને તેઓ ફરીથી ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કરતા પકડાશે, તો તેમને આજીવન સસ્પેન્શનનો સામનો કરવો પડી શકે છે.આ ઉપરાંત સૂત્રોએ જણાવ્યું કે, જો એકવાર ડ્રાઈવિંગ લાઈસન્સ રદ થાય, તો તે પાસપોર્ટ મેળવવા અથવા રિન્યૂ કરવામાં પણ ગંભીર અવરોધો ઊભા કરી શકે છે. આનાથી તે વ્યક્તિની વિદેશ મુસાફરીની શક્યતાઓ પર અસર પડી શકે છે. સસ્પેન્શન મુખ્યત્વે શહેરભરમાં ઓવરસ્પીડિંગ, ખોટી બાજુએ ડ્રાઈવિંગ અને બેદરકારીભર્યું ડ્રાઈવિંગ જેવા ગુનાઓમાં થયેલા વધારાને કારણે થયા છે.જે ચાલકોના ત્રણ કે તેથી વધુ ટ્રાફિક ચલણ બાકી હતા તેવા ૧૬૦૦ લોકોના ડ્રાઈવિંગ લાઈસન્સ સસ્પેન્ડ કરાયા હતા. હવે જો આ ચાલકો વધુ એક વખત ટ્રાફિક નિયમનો ભંગ કરે તો તેમનું લાઈસન્સ આજીવન કેન્સલ થઈ શકે છે.વર્ષ ૨૦૨૪માં છેલ્લા પાંચ વર્ષમાં સૌથી વધુ સંખ્યામાં લાઈસન્સ સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. જે શહેરના રસ્તાઓ પર વધતી જતી અનુશાસનહીનતા દર્શાવે છે. જાન્યુઆરીથી ડિસેમ્બર સુધી, સરેરાશ દરરોજ ચારથી વધુ લાઈસન્સ સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

૨૦૨૩ની સરખામણીમાં આ એક મોટો ઉછાળો હતો. આ સમયે દર બે દિવસમાં ત્રણ લાઈસન્સ સસ્પેન્ડ થયા હતા.વર્તમાન નિયમો હેઠળ, ટ્રાફિકના વારંવારના ઉલ્લંઘન માટે રૂ. ૧૦૦૦ ના દંડની સાથે ત્રણ મહિનાનું સસ્પેન્શન થાય છે. જીવલેણ અકસ્માતોમાં, લાઈસન્સ કાયમી ધોરણે રદ થઈ શકે છે. નાના ઉલ્લંઘનો વારંવાર કરવાથી પણ કામચલાઉ સસ્પેન્શન થઈ શકે છે.સૂત્રોએ જણાવ્યું કે અમદાવાદમાં ઈશ્યૂ થયેલા લાઈસન્સ ધરાવતા ૨૮૪ ડ્રાઈવરો અન્ય રાજ્યોમાં જોખમી રીતે ડ્રાઈવિંગ કરતા પકડાયા હતા. જ્યારે ગુજરાતની બહાર ઉલ્લંઘન થાય છે, ત્યારે રાજ્ય સત્તાવાળાઓ લાઈસન્સ જારી કરનાર સ્થળ પર ચલણ મોકલે છે. ત્યારબાદ સ્થાનિક આરટીઓ દ્વારા ડ્રાઈવર સામે કાર્યવાહી કરવામાં આવે છે.

# ઈમ્પેક્ટ ફી ભરવાની મુદતમાં ૬ મહિનાનો વધારો કરાયો


(સંપૂર્ણ સમાચાર સેવા)
ગાંધીનગર,

ગુજરાત અનધિકૃત વિકાસ નિયમિત કાયદા ૨૦૨૨ હેઠળ રાજ્ય સરકાર દ્વારા ઈમ્પેક્ટ ફી ભરીને ગેરકાયદેસર બાંધકામને કાયદેસર કરવા માટેની સમયમર્યાદા આગામી ૬ મહિના માટે લંબાવી દેવામાં આવી છે.

૧૭ડિસેમ્બર ૨૦૨૫ના પૂર્ણ થઈ રહેલી સમયમર્યાદા છ મહિના માટે વધારી દેવામાં આવી છે. હવે જે લોકો પોતાના બાંધકામને કાયદેસર કરાવવા ઈચ્છે છે તેણે ૧૬ જૂન ૨૦૨૬ પહેલા અરજી કરવી પડશે.

રાજ્ય સરકારે આપેલી માહિતી પ્રમાણે ગુજરાતમાં ગેરકાયદેસર બાંધકામોને ઈમ્પેક્ટ ફી ભરી કાયદેસર કરવાની સમયમર્યાદા છ મહિના માટે વધારી દેવામાં આવી છે. અમદાવાદ મહાનગર પાલિકામાં ગેરકાયદેસર બાંધકામને કાયદેસર કરવા માટે અત્યાર સુધી ૮૨ હજાર જેટલી અરજીઓ આવી છે.

# ૧૨ વેનકુંવર લુકઆઉટ ટાવર- 'Vancouver Lokoout Tower'



વેનકુંવરમાં મળેલા સાત કલાકના સમયમાં વેનકુંવર શહેર આખું ફરીને જોઈ શકાય એટલો સમય ક્યાં હતો? પણ, વેનકુંવરને એક જ જગ્યાએ ઊભા રહીને ૩૬૦ ડીગ્રી એંગલથી જોઈ શકાય એવું એક સ્થળ અને શક્યતા હતી. એ હતો 'વેનકુંવર લુકઆઉટ ટાવર'.

વેનકુંવર સિટિ ટુર બુક કરી ત્યારે જ આ **'Vancouver Lokoout Tower'** નામથી જાણીતા ટાવરની મુલાકાતની ટિકિટ બુક થઈ ગઈ હતી.

સ્ટેનલી પાર્કથી નીકળીને આ ટાવર સુધી પહોંચીએ ત્યાં રસ્તામાં આવતા સલ્ફર માઉન્ટન નજરે પડ્યા. સલ્ફર માઉન્ટન પાસે થોભી શકાય એવી શક્યતા અને સમય નહોતો, પણ જે સલ્ફર માઉન્ટન નજરે પડ્યા એનાથી અચંબિત તો થઈ જ જવાયું.

લકઝરીના ડ્રાઈવર કમ ગાઈડ જ્હોનના કહેવા પ્રમાણે વેનકુંવરના આ પ્રખ્યાત સીમાચિહ્ન ગણાતા સલ્ફરના ખડકોમાં ગયા વર્ષની સરખામણીમાં ૨૦ ટકા વધારો થયો હતો. સલ્ફરનો ઉપયોગ ખાતરથી માંડીને બૅટરી સુદ્ધામાં થાય છે. કહે છે કે, પીળું સલ્ફર છોડ માટે પોષક તત્વો પૂરા પાડે છે જેના લીધે ફૂલો, ફળો, શાકભાજીની ગુણવત્તા વધે છે.

વેનકુંવરની સફરમાં સલ્ફરના ખડકો જોયાના આનંદ સાથે અમે પહોંચ્યા વેનકુંવરના સૌથી ઊંચા બિલ્ડિંગ પાસે.

ટોરેન્ટોના 'ઝદ્રુીં' ની ડિઝાઈન કરી હતી એ 'ઉઢસ્ઉઁ' ફર્મ દ્વારા નિર્મિત હાર્બર સેન્ટરનું હાર્દ મનાતો આ ટાવર ૧૯૨૮ માં તૈયાર થયો ત્યારે એની મૉર્ડન શૈલીને લઈને વેનકુંવરમાં એ ખૂબ પ્રખ્યાત થયો હતો.

૧૯૭૭ ની ૧૩ ઑગસ્ટે ચંદ્ર પર પ્રથમ પગ માંડનાર અમેરિકન અવકાશયાત્રી નીલ આર્મસ્ટ્રોંગ હસ્તક આ ટાવર ખુલ્લો મુકાયો.

૪૦ સેકન્ડમાં ૧૬૮ મીટર (૫૫૩ ફીટ) ઊંચા ટાવરના ચાલીસમા માળે સડસડાટ લઈ જતું એલિવેટર અને પછી ૩૬૦ ડીગ્રી એંગલથી દશ્યમાન થતા વેનકુંવરનો નજારો યાદ કરતા આજે પણ રોમાંચિત થઈ જવાય છે.

એલિવેટરમાંથી બહાર નીકળીએ ત્યાં ગોળાકારે ફરતા અબ્ઝર્વેશન ડેકમાંથી ચારેકોર નજર નાખીએ ત્યાં વેનકુંવર દેખાય. દૂર નજર કરીએ તો વેનકુંવરની **'Sky-line'** કહે છે એ આકાશને મળતી જમીન-ક્ષિતિજ દેખાય.

વળી આ અબ્ઝર્વેશન ડેક પર એક બીજી સગવડ જોઈ. અહીં થોડાં થોડાં અંતરે કમ્પ્યૂટરના સ્ક્રીન જેવા સ્ક્રીન મુકાયેલા છે. કોઈ પણ સ્ક્રીન પાસે ઊભા રહીએ એટલે ત્યાં સ્ક્રીન પર મુકાયેલી વેનકુંવરના જાણીતા કોઈ એક સ્થળની તસવીર, તસવીરમાં દેખાતા એ સ્થળ વિશે પૂરતી વિગત અને ત્યાંથી જ નજરે પડતું એ સ્થળ-એ જગ્યા બધું જ સાગમટે જોવા મળે.

જેમકે, કોઈ એક સ્ક્રીન પર સ્ટેનલી પાર્કની તસવીર, સ્ટેનલી પાર્કની વિગત હોય અને ત્યાંથી દૂર એ જ દિશામાં સ્થિત સ્ટેનલી પાર્ક નજરે આવે. એવી રીતે

-આકર્ષક વિક્ટોરિયન આર્કિટેક ધરાવતું- હિસ્ટોરિક ગેસટાઉન **(Historic Gastown)**.

-કોલ હાર્બર **(Coal Harbour)** તરીકે ઓળખાતો વેનકુંવરનો દરિયા કાંઠો.

-વેનકુંવરના ગગનચુંબી બિલ્ડિંગ ધરાવતું શહેરના હાર્દ સમું ડાઉનટાઉન.

-વેનકુંવરને પ્રાકૃતિક સૌંદર્યની શોભા આપતા નોર્થ શોર માઉન્ટન **(North Shore Mountains)**.

-જોઈને મન રાજી થાય એવો દરિયાકિનારો જે બુરાર્ડ ઈન્લેટ્ **(Burrard Inl[a])** તરીકે ઓળખાય છે.

-જરા નીચે નજર કરીએ અને દેખાતો શહેરનો નજીકનો એરિઆ 'સરી-**(Surrey)** જેવા સ્થળો આ અબ્ઝર્વેશન ડેક પરથી જોઈ શકાય.

ચાલો, જ્યારે જે મળ્યું, જેટલું મળ્યું એ માણી લીધું.

વેનકુંવર સિટિ ટુરનું આ છેલ્લું ડેસ્ટિનેશન હતું. અહીંથી જ્હોન અમને સીધા એરપોર્ટ પર ઉતારશે એવી જાણ હતી.

**'Vancour lokoout observation deck'** થી એરપોર્ટ સુધી પહોંચવામાં વચ્ચે ઊભા રહેવાનો સમય નહોતો, પણ જે જોવા જેવી, જાણવા જેવી જગ્યા આવી એ અંગે જ્હોને માહિતી આપે રાખી.

કુદરતી સૌંદર્ય સમા અલાસ્કા અને માનવવસ્તીથી ઊભરાતા વેનકુંવરની અમારી ટ્રિપ અહીંથી સમાપ્ત થવાની હતી.

ઘણી બધી પ્રસન્ન પળોથી સૌનાં મન-હૃદય આનંદિત હતા, પ્રફુલ્લિત હતા. ઈશ્વરકૃપા અને કુદરતની મહેરબાનીથી પ્રત્યેક દિવસ સરસ, સરળ અને સહજ રહ્યા. એક એક ક્ષણ માણવા જેવી રહી.

'મધુરેણ સમાપયેત્' જેવા અમારા પ્રવાસની એ અનુભૂતિ પણ એટલી જ મધુર છે. માણેલા પ્રવાસ વિશે કંઈ પણ કહેવું, લખવું એટલે ફરી એકવાર એ મધુર સ્મૃતિની સફર.

અલાસકાની પ્રકૃતિ સાથે જે તાદાત્મ્ય અનુભવ્યું, એ વિશે આજે જે કંઈ લખાય છે ત્યારે મનમાં એ પ્રસન્નતાની પળો ફરી જીવાતી હોય એવી તાજગી છવાય છે.

આજે પણ ક્રૂઝની એ રાતો યાદ આવે છે. એવું લાગે છે કે જાણે દરિયાદાદાના ખોળામાં માથું છે અને દાદા હળવે હળવે થપકી મારે છે. નિરવ શાંતિમાં સંભળાતો દરિયાનો આછો હાલરડાં જેવો ઘુઘવાટ આજે પણ અનુભવાય છે.



આલેખનઃ રાજુલ કૌશિક

# ત્રણ ગ્રહો અસ્તથી તથા વક્રી ગ્રહોથી વિશ્વમાં સતત પરેશાની

**Yogi Astrology**માં આપ સૌનું સ્વાગત છે. મારા પાછલા ત્રણ અંકમાં શતભિષા નક્ષત્ર ઉપર ઘણું લખ્યું છે. એ સમય સમયે વસ્તુની ઘટના ક્રમ ઉપર ધ્યાન આપીશું. જૈૈદ્દંદ્રીમિારા બતાવ્યાં પ્રમાણે ૨ લાખ રૂપિયા થઈ ગયા. ૨૦૨૬ ફેબ્રુઆરી સુધીમાં ૨.૫ લાખ રૂપિયા ઉપર જશે. સોનામાં અપડાઉન થતું જોવા મળશે. એનું કારણ ગુરુ વક્રી હોવાથી થવાથી અપડાઉન રહેશે. જ્યારે ફરીથી માર્ગી બનશે સોનામાં તેજી જોવા મળશે. સૂર્યમંગળની યુતિ દરમ્યાન ઘણી આગજની ઘટના, જ્વાલામુખી ઘટના, રશિયા-યુક્રેન, ભીષણ યુદ્ધ, ધરતીકંપ ફરીથી થાઈલેન્ડ-કોબાંડીયા વચ્ચે યુદ્ધ જેવી ઘટના જોવા મળી છે. પરંતુ આ વસ્તુ અહીં પૂર્ણ થતી નથી.

હાલ મંગળ અસ્તનો ચાલે છે. મારા અંક ૧૫૪માં લખ્યું હતું કે, ૧ નવેમ્બર ૨૦૨૫ થી ૨ જુન ૨૦૨૬ સુધી મંગળ અસ્તનો રહેશે. આ સમય દરમ્યાન સૂર્ય-મંગળની યુતિ પણ સાથે ચાલશે. આથી આવનાર સમય હજુ આગજની ઘટનાઓ બનશે. નવા યુદ્ધ મોરચા ઉત્પન્ન થતાં જોવા મળશે. નવા જ્વાળામુખી વિસ્ફોટ થતાં જોવા મળશે. આ ઉપરાંત શની-નેપ્ચ્યુન વોટર એલીમેન્ટ પણ એક્ટીવ છે. હાલ અમેરિકામાં વોશિંગ્ટનમાં ફલડ, ગાઝામાં પણ ફલડ થયું છે. હજુ પણ પાણીથી તબાહી થતી જોવા મળશે. ગ્રહો પોતાનું કામ કરે છે. ૨૦૨૫ વર્ષમાં ઘણું સારું રહેશે નહીં. ઓસ્ટ્રેલિયામાં આતંકવાદી ઘટનામાં ૧૫ લોકોના મૃત્યું થયા છે. અમેરિકા-વેનેઝુલા વચ્ચે તણાવ, ચીન-જાપાન વચ્ચે તણાવ, પાકિસ્તાનમાં ગૃહ યુદ્ધ જેવી ઘટના બની રહી છે. આ બધી વાત મારા ઘણાં બધા અંકમાં ઉલ્લેખ કર્યો હતો.

હાલ મંગળ વૃશ્ચિક રાશીમાંથી ધનુ રાશીમાં ગયો છે. અહીં મંગળ ૪૦ દિવસ રહેશે. અહીં મંગળ વચ્ચે ગુરુ, રાહુ, કેતુ, શની, સૂર્ય સાથે કોઈ સંબંધ બનાવી રહ્યો છે. આથી આવનાર ઘણો કઠીન તથા ભય વાળો બની રહેશે. અહીં મંગળ ધનુરાશી જે ગુરુની રાશીમાં આવશે. જે મંગળની મિત્ર રાશી છે. આ ઉપરાંત મંગળ-ગુરુ વચ્ચે સમસપ્તમ યોગ બને છે. શની-મંગળ વચ્ચે ૧૦-૪નો સંબંધ બને છે. મંગળ પોતાની ચોથી દ્રષ્ટિથી શની જોશે. શનીની દશમી દ્રષ્ટિ મંગળ ઉપર પડે છે. મંગળથી રાહુ ઉપર ત્રીજી દ્રષ્ટિ અહીંથી રાહુની મંગળ ઉપર અગિયારમી દ્રષ્ટિ પડે છે. મંગળ-કેતુ વચ્ચે ૫-૯ નો સંબંધ બને છે. આ સમય દરમ્યાન મંગળ અસ્તનો રહેશે. અહીં મંગળનું બળ વધવાથી વિશ્વમાં યુદ્ધની પરિસ્થિતી બની રહી છે.

ડિસેમ્બરના અંતથી ૧૫ ફેબ્રુઆરી દરમ્યાન ત્રણ ગ્રહો અસ્ત બનશે. જે ચાર ગ્રહો સૂર્ય, બુધ, શુક્ર, મંગળ, સૂર્યથી બુધ, શુક્ર, મંગળ અસ્ત રહેશે. ૨ જાન્યુઆરી ૮ ફેબ્રુઆરી આ ત્રણેય ગ્રહો અસ્ત બનશે. જેથી વિશ્વ માટે ઘણો કઠીન બની રહેશે. ભારતની કુંડલી વૃષભ લગ્નની છે. તેમાં મંગળ ધનું રાશીમાં ૧૮ ડિસેમ્બરથી સૂર્ય પણ ધનુ રાશીમાં આવશે. ૨૦ ડિસેમ્બરે શુક્ર ધનુ રાશીમાં, ૨૯ ડિસેમ્બરે બુધ ધનુ રાશીમાં જશે. આથી આ વર્ષની અંતની શરૂઆત ચાર ગ્રહોની યુતિ ધનુ રાશીમાં રહેશે. ૨૦૨૬ના નવા વર્ષની શરૂઆતમાં ત્રણ ગ્રહો અસ્ત રહેશે. ભારતની કુંડલી વૃષભની હોવાથી આ ચાર ગ્રહો બીજે રહેશે અને ત્યાંથી સાતમી દ્રષ્ટિ આઠમે પડશે. આ સમય દરમ્યાન ભારતમાં તણાવ વાળો સમય રહેશે. સાતમેથી બીજે હોવાથી પડોશી સાથે સંઘર્ષ અથવા પડોશી દેશોમાં ગૃહ યુદ્ધ જેવું થશે. ૧૪ જાન્યુઆરીએ સૂર્ય મકર રાશીમાં જશે. તે પહેલા ૧૨ જાન્યુઆરી મંગળ મકર રાશીમાં જશે. ૧૩ જાન્યુઆરી શુક્ર પણ મકર રાશીમાં આવશે. આમ ફરીથી ચાર ગ્રહોની યુતિ મકર રાશીમાં બનશે. ત્યારબાદ ફેબ્રુઆરીમાં આ ચાર ગ્રહો કુંભ રાશીમાં જશે ત્યાં રાહુ મહારાજ પહેલેથી જ બેઠા છે. આથી અહીં સૂર્ય-મંગળ-રાહુની સ્ફોટક યુતિ બનતા આ સમય દરમ્યાન વિશ્વમાં યુદ્ધનું માહોલ ચરમસીમા ઉપર બનશે. મંગળ-રાહુ-સૂર્યની યુતિ શુક્ર પણ ત્યાં હોવાથી કોઈ મોટા નેતાનું કૌભાંડ બહાર પડશે. આ ઉપરાંત બુધ અહીં હોવાથી મીડિયા દ્વારા આ વાતની પુષ્ટિ થશે. શુક્ર, બુધ, સૂર્ય હોવાથી શુક્ર એક્ટર, સૂર્ય નેતા, બુધ બિઝનેસમેન, આ ત્રણેય ક્ષેત્રના લોકો બહાર પડશે.

ધનુ રાશીમાં ચારગ્રહોની યુતિની દ્રષ્ટિ ભારતની કુંડલીમાં આઠમે હોવાથી આગજની ઘટના આતંકવાદી ઘટના ફરીથી બને તેમાં નવાઈ નહીં. આ ઉપરાંત વિશ્વમાં પણ ભીડવાળી જગ્યા ઉપર જવું નહીં. અહીં પણ આતંકવાદી ઘટના બની શકે. આ સમય દરમ્યાન કોઈ નવા યુદ્ધ મોરચા ઉત્પન્ન થશે. આથી ૨૦૨૬ની શરૂઆત જ ખરાબ રહેશે. ગુરુ વક્રી હોવાથી સ્ટોક માર્કેટ, સોના-ચાંદીમાં અપડાઉન થતું જોવા મળશે. વક્રી ગુરુ વિશ્વમાં મંદી પણ લાવશે. ૧૧ નવેમ્બર થી ૧૦ માર્ચ ૨૦૨૬ દરમ્યાન લગભગ ૧૨૦ દિવસ ગુરુ વક્રી રહેશે. આ સમય દરમ્યાન અમેરિકા, યુરોપ, યુક્રેન, રશિયા, કેનેડા, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ વગેરે જગ્યા ઉપર ભયંકર મંદી જોવા મળશે. આવનાર સમય મંદી, યુદ્ધ, કુદરતી આપત્તી, વગેરે જુદી જુદી પરિસ્થિતી વિશ્વ ઝઝૂમશે. અમેરિકા, યુરોપ, કેનેડામાં પ્રોપર્ટીના ભાવ હજુ તૂટશે. મારી સલાહ મુજબ હજુ ત્રણ મહિના પછી ઘરની ખરીદી કરવામાં આવે તો સારૂં રહેશે છે.

૧૪ ફેબ્રુઆરીના રોજ કુંભ રાશીમાં રાહુ, સૂર્ય, બુધ, શુક્રની યુતિ થશે. ત્યાંથી ગુરુની નવમી દ્રષ્ટિ પડશે. આથી સમય દરમ્યાન ધર્મ ઉપર વિશેષ કંઈ થતું જોવા મળશે. ધર્મ ઉપર ખેંચતાણ અથવા તો વિદ્રોહ જેવી ઘટના બનશે. કોઈ ધાર્મિક સ્થળ ઉપર આતંકવાદી ઘટના બનતી નજર પડે છે. ગુરુની દ્રષ્ટિ રાહુ ઉપર હોવાથી બીમારીનું પ્રમાણ વધતું જોવા મળશે. થોડા સમય પછી અસ્ત મંગળની યુતિ રાહુ સાથે થતાં આર્મીમાં કોઈ ચહલ-પહલ થતી જોવા મળશે. પડોશી દેશો સાથે યુદ્ધની સંભાવના બને છે. અમેરિકા પણ કોઈ દેશ સાથે યુદ્ધમાં જોવા મળશે. અહીં આટલું જરૂરથી લખું છું કે આવનાર સમય સમજી વિચારીને કાઢવો.

૧. ઓસ્ટ્રેલિયા સીડનીમાં આતંકવાદી ઘટના મારા લેખ મુજબ વિસ્ફોટક, ગન ઘટના ૧૫ ડિસેમ્બરની આસપાસ આ વાત બની.

૨. અમેરિકામાં મુહિ યુનીવર્સિટીમાં ગનની ઘટના.

**Yoggi Astrology** ની મુલાકાત અવશ્ય લેશો. મારો સંપર્ક ફોન નંબર +૧-૬૪૭-૨૮૬-૩૭૩૪ છે. મને **WhatsApp** ઉપર ફોન કરીને તમારી કુંડલી ચેક કરાવી તમારી જીવનમાં સુખ-શાંતિ મળશે.

**Yogesh Gandhi (M.Sc., B.Ed)**
**Yoggi Astrology**
**Canada, ONT, BRAMPTON**
**+1-647-286-3734**




**Editor,owner,printer & publisher: Pradip Raval printed at sarvoday offset,13.gajanan estate idgah choky,Ahmedabad & published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001**

**તંત્રી ,માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદીપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ.૧૩.ગજાનન એસ્ટેટ.ઇદગાહ ચોકી પાસે.અમદાવાદ.ખાતે છપાવીને ઘર.નં:૨૫૬૭,ગોઝારીયા પોળ,હલીમની ખડકી.શાહપુર.અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી.પ્રસિદ્ધ કર્યું**

21-12-2025_49 Jan Fariyad_P-2